# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2025-26/229 Dt. 04/12/2025

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ચેમ્બર દ્વારા 'રિટેલપ્રિન્યોરઃ રિડિફાઇનિંગ રિટેલ – બિલ્ડીંગ ટ્રસ્ટ, સ્કેલ એન્ડ કસ્ટમર એકસપિરિયન્સ' વિષે સેમિનાર યોજાયો

### સુરતના રિટેલ ક્ષેત્રના નિષ્ણાતોએ તેમના અનુભવો દ્વારા રિટેલ સાહસિક બનવા, રિટેલમાં સફળ થવા અંગે ઉદ્યોગ સાહસિકોને માર્ગદર્શન આપ્યું

**સુરતઃ** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા તા. ૨૭ નવેમ્બર, ૨૦૨૫ના રોજ સાંજે ૫ઃ૩૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે 'રિટેલપ્રિન્યોરઃ રિડિફાઇનિંગ રિટેલ – બિલ્ડીંગ ટ્રસ્ટ, સ્કેલ એન્ડ કસ્ટમર એકસપિરિયન્સ' વિષય પર સેમિનાર યોજાયો હતો, જેમાં સુરતના રિટેલ ક્ષેત્રના માંધાતાઓએ ઉદ્યોગ સાહસિકોને માર્ગદર્શન આપ્યું હતું.

ચેમ્બરના માનદ મંત્રી શ્રી બિજલ જરીવાલાએ સ્વાગત પ્રવચન કરતા કહ્યું કે સુરતમાં ખરીદી કરીએ તો લોકો એમ નથી પૂછતાં કયું લીધું? પહેલો પ્રશ્ન એ જ કરે કે ક્યાંથી લીધું? આમ રિટેલમાં વિશ્વાસ વધુ અગત્યનો છે.

નવીન ઈલેક્ટ્રોનિક્સના શ્રી અનિલ જેટવાણીએ કહ્યું કે રિટેલ બદલાઈ રહ્યું છે અને આપણે બદલાવાનું છે. આજનો કસ્ટમર સ્માર્ટ અને ડિમાન્ડિંગ થઈ ગયો છે. રિટેલ માત્ર દુકાન સુધી સીમિત નથી છતાં વિશ્વાસ આજેય ગેમ ચેન્જર છે. લોકો પ્રોડકટ નહીં, વિશ્વાસ ખરીદે છે. તેમણે ગ્રાહકોનો વિશ્વાસ જીતવા, રિપિટ અને રેફરલ

કેવી રીતે બને એ માટેની ટિપ્સ આપી હતી. રિટેલમાં રિટર્ન અને રિપ્લેસમેન્ટનો સામનો કેવી રીતે કરવો, ગ્રોથ કેવી રીતે કરવો એ સમજાવ્યું હતું.

ડી. ખુશાલભાઈ જ્વેલર્સના શ્રી દીપક ચોકસીએ કહ્યું કે નોલેજ બિઝનેસનો પાયો છે. ચિંતા એ છે કે એઆઈ આવવાથી રિટેલ બિઝનેસનું શું થશે? કંઈક ને કંઈક નવું કરવું એ રિટેલના કેન્દ્રમાં છે. નેગેટિવમાંથી પોઝિટિવ એ રિટેલનો સિદ્ધાંત હોવો જોઇએ.

ધીરજ સન્સના શ્રી પ્રફૂલ મોદીએ કહ્યું કે દુકાનના તાળાં જાતે ખોલવા ન જોઇએ. સ્ટોર ખોલતા પહેલા અમે રિટેલ કન્સલ્ટન્ટ નિમ્યો હતો. તેમણે પોતાની વિકાસયાત્રા દ્વારા રિટેલમાં સફળ કેવી રીતે થવાય, સ્પર્ધામાં કેવી રીતે ટકી શકાય એ સમજાવ્યું હતું.

ચેમ્બરના ગૃપ ચેરમેન શ્રી કમલેશ ગજેરાએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. ચેમ્બરની રિટેલ ટ્રેડ કમિટીના ચેરમેન શ્રી પ્રમોદ ભગતે વકતાઓનો પરિચય આપ્યો હતો. ચેમ્બરની આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ કમિટીના કો–ચેરમેન શ્રી ભૌતિક શેઠે સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. રિટેલ ક્ષેત્રના માંધાતાઓએ ઉપસ્થિત ઉદ્યોગ સાહસિકોના વિવિધ પ્રશ્નોના જવાબો આપ્યા હતા. આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ કમિટીના ચેરમેન ડો. રાકેશ દોશી તથા ઉદ્યોગ સાહસિકો સેમિનારમાં ઉપસ્થિત રહયા હતા. ચેમ્બરની રિટેલ ટ્રેડ કમિટીના કો– ચેરમેન શ્રી મિતેશ શાહે ઉપસ્થિત સર્વેનો આભાર માની સેમિનારનું સમાપન કર્યું હતું.